### ‘જય શામળિયા’ના નાદથી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર

# વિશ્વમાં એકમાત્ર સૂર્યગ્રહણ સમયે ખુલ્લું રહેતું શામળાજી મંદિર





શામળાજી, તા. ૨૬

આજે ૨૬ ડિસેમ્બર ના રોજ વર્ષ નું છેલ્લું સૂર્ય ગ્રહણ છે ત્યારે ગ્રહણ સમયે તમામ હિન્દૂ મંદિરો બંધ રહેતા હોય છે ત્યારે સમગ્ર ગુજરાત માં યાત્રાધામ શામળાજી એક એવું મંદિર છે કે ગ્રહણ સમયે ખુલ્લું રહેછે . ગુરુવારે ગ્રહણ ના દિવસે ગ્રહણ નો વેધ ચાલુ થાય એ સમયે વહેલા પરોઢે ૪ કલાકે મંદિર ખુલ્યું હતું. અને ૪.૪૫ કલાકે ભગવાન ની મંગળા આરતી બાદ ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. સૂર્યગ્રહણ ના સમયે સવારે ૮-૦૮ કલાક થી ૧૦-૩૮ સુધી મંદિર ચાલુ રાખી મંદિર માં ખાસ પૂજા વિધિ કરવામાં આવી હતી આ સમયે પણ ભક્તો માટે દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા આમ સમગ્ર વિશ્વમાં માં ગ્રહણ સમયે ખુલ્લું રહેતું એક માત્ર યાત્રાધામ શામળાજી મંદિર માં ભક્તો ભગવાન શામળિયા ના દર્શન નો લાભ લઈ ધન્યનતા અનુભવી હતી. ગુરુવારે ૪૫ વર્ષ પછી કંકણાકૃતિ સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું માગશરી અમાષે સૂર્યગ્રહણનો અનોખો સંયોગ પેદા થયો હતો આજે માગશરી અમાશના દિવસે ભગવાન શામળિયાના દર્શન કરી ભક્તો ધન્ય બન્યા છે. આજે સવારથી જ 'જય શામળિયા'ના નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું છે. સૂર્યગ્રહણ વખતે વિશ્વનું એક માત્ર શામળાજી મંદિર ખુલ્લુ રહેતા મોટી સંખ્યામાં વહેલી સવારથી દર્શનાર્થીઓની લાંબી કતારો જામી હતી અને ભગવાન શામળિયાની સૂર્યગ્રહણના દિવસે વિશેષ ભક્તિ કરી હતી.

## પ્રાંતિજના પાડાની પોરમાં અસામાજિક તત્વો દ્વારા કારમાં આગચંપી કરી

**રોડ ઉપર પાર્ક કરેલ કારમાં રાત્રીના સમયે આગ લગાડી : વૃદ્ધા જાગી જતા બુમાબુમ કરતાં લોકો જાગી ગયા : દોડી આવેલ લોકોએ કારમાં લાગેલ આગ હોલવી : મોટી જાનહાની પણ ટળી**



પ્રાંતિજ તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પાડાની પોડ વિસ્તારમાં રાત્રીના સમયે રોડ ઉપર પાર્ક કરેલ કારમાં કોઈ અસામાજિક તત્વો દ્વારા કાર માં આગ લગાડવામાં આવી હતી તો આજ વિસ્તાર માં કાર ને નિશાન બનાવવાનો ત્રીજી ધટના સામે આવી છે.

પ્રાંતિજ ના પાડાની પોળ માં રાત્રી ના અઢીથી ત્રણ ના સમય ગાળા દરમ્યાન કોઈ અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા પાડા ની પોળ રોડ ઉપર પાક કરેલ કારમાં પાછળ ના ભાગે થી આગ ચાપતા કાર નો પાછળ નો ભાગ સળગાવવામાં આવ્યો હતો તો તે સમય દરમ્યાન અચાનક પોળ માં રહેતાં એક વુધ્ધા ની નજર પડતા તેવોએ બુમાબુમ કરી મુકતા કાર માલિક રાઠોડ કિરણભાઈ પ્રકાશ ભાઈ સહિત પોળ માં રહેતાં તથા આજુબાજુમાં રહેતા લોકો દોડી આવ્યા હતાં અને કારમાં લાગેલ આગ હોલવી હતી તો કારની બાજુ માજ અન્ય એક સીએનજી કાર પાર્ક કરેલી હતી અને બાજુમા જ મકાનો પણ આવેલ. હોઈ જો મોટી ધટના બની હોત તો મોટી જાનહાની થઈ હોત તો આ અંગેની જાણ કાર માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો આજ વિસ્તાર માં કાર ને નિશાન બનાવવામાં આવતી હોવાની આ ત્રીજી ધટના છે જેમાં અગાઉ એક કાર ને ફુટ પટ્ટી નાખી ખોલવાનો પ્રયત્ન કર્યો હતો તો રાજુભાઈ સોની ની કાર તો વગર ચાવીએ ખોલી લઈ જઈ ભોઈવાસ પાસે આવેલ કેનાલ મા નાખી દેવામાં આવી હતી અને કાર ને નુકશાન કયું હતું અને ફરી આ કાર ને આગચાપી ને લઈને પોળ ના રહીશો માં પણ ભય નો માહોલ પેદા થયો છે ત્યારે રાત્રી દરમ્યાન પોલીસ દ્વારા પેટ્રોલિગ કરવામાં આવે તેવી પોળ ના રહીશો દ્વારા માંગ ઉઠવા પામી છે અને આવા અસામાજિક તત્ત્વો સામે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે તેવી કાર માલિક સહિત પોળ ના લોકો જણાવી રહ્યાં છે.

## ડીસાની મોડેલ સ્કૂલમાં ગ્રાહક સુરક્ષા દિવસની ધામધૂમથી ઉજવણી કરાઈ



ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં આવેલી જાણીતી મોડેલ સ્કૂલ ખાતે ગત ૨૪ મી ડિસેમ્બરે ગ્રાહક સુરક્ષા દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ગ્રાહક સુરક્ષા મંડળના મેનેજિંગ ટ્રસ્ટી કિશોરભાઈ દવેએ ગ્રાહકોની થતી ખુલ્લેઆમ છેતરપીંડી દાખલા અને દ્રષ્ટાંતો સાથે સમજાવી ગ્રાહકોના અધિકારોની પણ વિસ્તૃત માહિતી આપી હતી.ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રી મિતેશભાઈ શર્મા, કાનૂની માપ તંત્રના પી.એમ. દેસાઈ તેમજ સામાજિક અગ્રણી કમલેશભાઈ ઠક્કરે પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે શ્રી નવજીવન બી.એડ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ટીનાબેન સોની, પ્રોફેસર ડૉ. સોનલબેન પ્રજાપતિ તેમજ શાળાના આચાર્ય પ્રવીણભાઈ પ્રજાપતિ પણ હાજર રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવાર અને નવજીવન બી.એડ. કોલેજની તાલીમાર્થી બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં અટલ ટિન્કરીંગ લેબનું ઉદ્ઘાટન



ભિલોડા,તા.૨૬

ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં અટલ ટિન્કરીંગ લેબનું ઉદ્ઘાટન અને વાર્ષિકોત્સવનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.શ્રીમદ્ જેસીંગબાપા જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસ અને શ્રી અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં અટલ ટિન્કરીંગ લેબનું ઉદ્ઘાટન કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરના વરદ્ હસ્તે કરાયું હતું.રૂા.૧૦ લાખના ખર્ચે આધુનિક સાધનોથી સજ્જ અટલ ટિન્કરીંગ લેબ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવામાં મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું.જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલએ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે રસ,રૂચિ વધે તેવા ભગીરથ પ્રયત્નો સરાહનીય હોય તેમ જણાવ્યું હતું.શૈક્ષણિક ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્તમ દેખાવ કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરીને વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.વાર્ષિકોત્સવ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓએ નવિન કૃતિઓ રજુ કરીને સૌ-કોઈના દિલ જીતી લીધા હતા.ભાજપના રાજકીય,સામાજીક અગ્રણી આગેવાન નરેન્દ્રભાઈ પટેલ,આચાર્ય સંઘના પ્રમુખ એન.ડી.પટેલ,બી.ટી.નાયી,ડી.કે.પ્રજાપતિ,શ્રી અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ,ઉપપ્રમુખ માધુભાઈ પટેલ સહિત રાજકીય,સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આચાર્ય રમણભાઈ પટેલ,સ્ટાફ પરીવારએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું.

ભારત દેશના ખુણે ખુણાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકારએ હાઈસ્કુલોમાં અટલ ટિન્કરીંગ લેબની યોજના અમલમાં મુકી છે.કેન્દ્ર સરકાર ધ્વારા રૂા.૧૨ લાખની સહાય હાઈસ્કુલોમાં અપાઈ છે.

## ભિલોડા મામલતદાર કચેરીમાં સામાજીક કાર્યકરો દ્વારા આવેદનપત્ર અપાયું

**રબારી ભરવાડ અને ચારણ જાતિને અનુસુચિત જન જાતિ (આદિજાતિ)માં ન ગણવા જોઈએ**



ભિલોડા, તા.૨૬

ભિલોડા મામલતદાર કચેરીમાં સામાજીક કાર્યકરો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું.રબારી ભરવાડ અને ચારણ જાતિને અનુસુચિત જન જાતિ (આદિજાતિ)માં ન ગણવા જોઈએ તે સંદર્ભે લેખિતમાં આવેદનપત્ર અપાયું હતું.નાયબ મામલતદાર જે.જે.પટેલને સામાજીક કાર્યકરો દિલિપભાઈ અસારી, ગુલાબભાઈ પરમાર, નટુભાઈ અસારી,બાબુભાઈ ગામેતી, વિજયભાઈ પરમાર સહિત કાર્યકરોએ એકત્રીત થઈને આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં રબારી ભરવાડ અને ચારણ જાતિને અનુસુચિત જન જાતિ ના ક્વોટા સર્ટી આપવાથી આદિજાતિના ઉમેદવારોને મોટુ નુકશાન થાય છે.જે વ્યક્તિઓ ધ્વારા અનુસુચિત જન જાતિના ખોટા સર્ટી આપવામાં આવ્યા હોઈ તે અધિકારીઓ,ખોટા સર્ટી મેળવનાર અરજદારોને કાયદાકીય સજા કરાય,ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા ખોટા સર્ટીના આધારે વર્ગ-૧,વર્ગ-૨ માં ભરતી થયેલ હોઈ તેઓની નિમણુંક રદ કરવા લેખિતમાં અનુરોધ કર્યો હતો.ખોટા સર્ટીફીકેટના આધારે મેડીકલ કોલેજમાં આદિજાતિના ક્વોટામાં એડમીશન મેળવેલ હોઈ તો તપાસ કરીને રદ કરવા જોઈએ તેમ જણાવ્યું હતું.યોગ્ય ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો આ બાબતે જાહેરમાં વિરોધ પ્રદર્શન કરીને રસ્તા ઉપર ઉતરીશું તેવી જલદ ચિમકી ઉચ્ચારી હતી.

રબારી ભરવાડ અને ચારણ જાતિને અનુસુચિત જન જાતિ (આદિજાતિ)માં ન ગણવા બાબતે સામાજીક કાર્યકરો ધ્વારા લેખિતમાં આવેદનપત્ર મામલતદાર કચેરીમાં અપાયું હતું.ભિલોડા તાલુકાના ખલવાડ ગામના દિલિપકુમાર આર. અસારી,(ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ) ગુજરાત પ્રદેશ, પ્રમુખએ આ બાબતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખ્યો હોઈ સત્વરે પ્રશ્ન હલ થશે તેવી આશા રાખી રહ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### પ્રાંતિજ ખાતે ભારતરત્ન અટલબિહારી બાજપાઈજીની જન્મ જયંતિની ઉજવણી

પ્રાંતિજ તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ શહેર મંડલ ભાજપ દ્વારા ભારત રત્ન પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈજી જન્મ જયંતિ પાલિકા ખાતે ઉજવણી કરવામાં આવી હતી. ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વ. શ્રી અટલબિહારી બાજપાઈજીની જન્મ જયંતિ ની ઉજવણી સુસાસન દિવસ નગરપાલિકા ના પ્રમુખ ગીતાબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં સાબરકાંઠા-અરવલ્લીસાંસદ દિપસિહ રાઠોડ, શહેરભાજપ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલ, માર્કેટયાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ, મંત્રી ગીરીશભાઈ પટેલ , મહામંત્રી નિકુંજ ભાઈ રામી, નગરપાલિકા કોર્પોરેટર દિલીપભાઈ કડીયા, રાજેશભાઈ ટેકવાણી સહિત નગરપાલિકા ના કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

## મોડાસા કેળવણી મંડળના શતાબ્દી મહોત્સવને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ખુલ્લો મુકાયો





મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાની સોથી જુની શૈક્ષણિક સંસ્થાની શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાજ્યપાલ મહોદય આચાર્ય દેવવ્રતના હસ્તે કેળવણી શૈક્ષણિક સંકુલનું નામકરણ તેમજ નવા મકાનને ખુલ્લુ મુક્યું હતું.રાજયપાલ મહોદયે આ પ્રસંગે સંબોધન કરતા શિક્ષાના મહત્વને સમજાવ્યું હતું.તેમણે મોડાસા કેળવણી મંડળને પ્રસંશા કરતા જણાવ્યું કે, આ સંસ્થાએ શિક્ષાનો પ્રચાર પ્રસારની સાથે શિક્ષાનું જ્ઞાન પીરસીને સમાજને આગળ લઈ જવાનો ઉત્તમ કાર્ય કર્યુ છેઅને હજુ ઉત્તરોત્તર પ્રગતિ કરી નવી પેઢીને ઉચ્ચ શિક્ષણ આપે.રાજ્યપાલે તેમના વક્તવ્યમાં શિક્ષા તેમજ આરોગ્યને દુનિયાની સૌથી શ્રેષ્ઠ સેવા ગણી હતી,, મોડાસા કેળવણી મંડળના સો વર્ષ પૂર્ણ થવાને લઈને ત્રીદિવસિય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે,,, જેમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે,, ત્યારે આવતીકાલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ આ સંસ્થાની મુલાકાત લેવાના છે, આજના આ પ્રસંગે દાઉદભાઈ ઘાંચી, મહાસુખભાઈ પટેલ, કાન્તિભાઈ પટેલ, મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, શાળાના તમામ આચાર્યો સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યાંમાં ઉપસ્થિત રહ્યા હતા.

### એકલિંગજી પ્રગતિ મંડળ મોડાસા દ્વારા

## સત્કાર સન્માન સંગીત સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં રહેતા લીંભોઈ, માલપુર, મેઘરજ, પીપરાણા, સાકરિયા ગામના ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો દ્વારા મોડાસા નગરપાલિકા ટાઉન હોલ ખાતે આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં સંગીત સંધ્યા સાથે જુદા જુદા અભ્યાસક્રમમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર સમાજના બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું મંડળની સ્થાપક મંડળની પ્રગતિ માટે કામ કરનાર પૂર્વ પ્રમુખનું સન્માન કરવામાં આવ્યું.

સ્નેહમિલન કાર્યક્રમના મુખ્ય મહેમાન ડોક્ટર કૌશલ જાની ડોક્ટર યોગેશ ઉપાધ્યાય સમાજસેવી નિલેશ જોશી, અતુલભાઈ પંડ્યા અધ્યક્ષતામાં સ્નેહમિલન કાર્યક્રમ દિપ પ્રાગટય સાથે શરૂ કરવામાં આવ્યો હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી ધર્મેન્દ્ર ત્રિવેદી. ભદ્રેશ ઉપાધ્યાય. આશિષ ત્રિવેદી, અજય પંડ્યા એકલિંગજી મિત્ર મંડળના પ્રમુખ વિશ્વનાથ ઉપાધ્યાય મહિલા પાંખના પ્રમુખ,મંત્રી, કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો